નં.ડીસી/પીઓએલ–૧/ડોમીસાઈલ વેરીફાય સમિતી/વશી/૦૭/૨૦૧૮

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જિલ્લા સેવા સદન સાબરકાંઠા,
હિંમતનગર. તા.૧૦/૦૭/૨૦૧૮

**વંચાણે લીધા :**

- ગૃહ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ MIS/65/2018/F-II (પાર્ટ ફાઈલ), તા.૦૬/૦૭/૨૦૧૮
- ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ MIS/65/2018/F-II (પાર્ટ ફાઈલ), તા.૦૯/૦૭/૨૦૧૮

**// પ્રસ્તાવના //**

આમુખની વિગતે રાજય સરકાર ધ્વારા રચાયેલ એડમીશન ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજયુએટ/પોસ્ટ ગ્રજયુએટ મેડીકલ એજયુકેશજ કોર્સીસના ચેરમેનની રજુઆત મુજબ પ્રવેશ સમિતી ધ્વારા મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદીક, હોમિયોપેથિક અને નેચરોથેપી પ્રવેશ માટે વર્ષઃ–૨૦૧૮થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા.૦૪/૦૫/૨૦૧૮ના સુધારા પ્રવેશ નિયમો અન્વયે જે વિદ્યાર્થી ગુજરાત રાજયનો ડોમીસાઈલ હોય તેને પ્રવેશ આપવા ઠરાવેલ છે.

ગુજરાત ડોમીસાઈલ પેરેન્ટસ એસોસીએશન, વડોદરા અને અન્ય ધ્વારા તા.૨૫/૦૬/૨૦૧૮થી રજુઆત થતા તથા આ બાબતે નામ.ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પે.સી.એ.નં.૧૦૧૬૪/૨૦૧૮ સંદર્ભે જે ડોમીસાઈલ સર્ટીફીકેટ અપાયેલ છે તે સર્ટીફીકેટના વેરીફીકેશનની કાર્યવાહી એડમીશન પ્રક્રીયાની સાથે–સાથે કરી આ કામગીરી તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં પુર્ણ કરવા જરૂરી હુકમો કરવા જણાવેલ છે.

ઉપરોકત થયેલ સુચના મુજબ ચાલુ વર્ષે (૨૦૧૮) મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદીક, હોમિયોપેથિક અને નેચરોથેપી પ્રવેશ માટે જે વિદ્યાર્થી ગુજરાત રાજયનો ડોમીસાઈલ હોય તેને પ્રવેશ આપવા સંદર્ભે પ્રવેશ સમિતી ખાતે અરજી કરેલ વિદ્યાર્થીઓના ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણીની કામગીરી માટે નીચે જણાવ્યા મુજબની સમિતીની રચના કરવામાં આવે છે.

| અ.નં. | અધિકારીશ્રીનો હોદ્દો | સમિતીનો હોદ્દો |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી, હિંમતનગર | અધ્યક્ષ |
| ૨ | એસી.પી.યુ.જી.એમ.ઈ.સી. કોર કમિટીના અધિકારી/કર્મચારી | સભ્ય |
| ૩ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સાબરકાંઠા | સભ્ય |
| ૪ | મામલતદારશ્રી, ડીઝાસ્ટર, કલેકટર કચેરી, સાબરકાંઠા | સભ્ય |

સદર સમિતીએ વંચાણે લીધેલ સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૬/૦૭/૨૦૧૮ના પરીપત્રથી નિર્દેષ્ઠ કરેલ સુચનાઓ મુજબ અમલવારી કરી કાર્યવાહી કરી આ કામગીર તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં પુર્ણ કરી વેરીફાઈડ ફાયનલ યાદી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એડમીશન કમીટીને રજુ કરવાની રહેશે.

કલેકટર & ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ સાબરકાંઠા, હિંમતનગર

Scanned by CamScanner

સદરહું સમિતીએ પ્રાંત કચેરી, હિંમતનગર, બ્લોક–એ, બીજો માળ, બહુમાળી ભવન, હિંમતનગર ખાતે હાજર રહી કામગીરી કરવાની રહેશે.

ઉકત હુકમની અમલવારી તાત્કાલિક અસરથી કરવાની રહેશે.

(પ્રવિણા ડી.કે.)
જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા–હિંમતનગર

નકલ રવાનાઃ– સમિતીના તમામ સભ્યશ્રીઓ તરફ,
ઉકત હુકમ મુજબ અમલવારી કરવા સારૂ.

નકલ જયભારત સહ રવાનાઃ–

- ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, (F-II), નવા સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.
- પ્રવેશ સમિતી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાનાઃ–

- નાયબ નિયામકશ્રી, માહિતી ખાતુ, હિંમતનગર તરફ.
  ૨/– ન્યુઝ પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરવા સારૂ.

Scanned by CamScanner